# પૂર્વોત્તર પ્રદેશના નાગરિકોની વ્યાપક હિજરત જારી

નવી દિલ્હી,તા. ૧૭

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો તરફથી તમામ સુરક્ષાની ખાતરી આપવામાં આવી હોવા છતાં ઉત્તર પૂર્વમાંથી મોટાપાયે લોકોની હિજરતનો દોર આજે સતત ત્રીજા દિવસે પણ જારી રહ્યો હતો. આના કારણે કેન્દ્ર સરકારની પણ ઉંઘ હરામ થઇ ગઇ છે. મોટાપાયે લોકોની જોવા મળી રહી છે. આજે સતત ત્રીજા દિવસે પણ હિજરતનો સિલસિલો જારી રહ્યો હતો. બેંગ્લોર, હૈદરાબાદ, મુંબઈ અને પુણે જેવા શહેરોમાં સ્થિતિ ખૂબ જ ગંભીર બનેલી છે. કારણ કે ઉત્તર પૂર્વમાંથી હજારો લોકો રેલવે સ્ટેશન ઉપર પહોંચી ગયા છે અને આ લોકો આગામી ટ્રેન પકડીને વતન પરત ફરી



હિજરતને રોકવા ખાતરી અપાઇ રહી છે છતાં આ સિલસિલો અટકી રહ્યો નથી. કર્ણાટકના પાટનગર બેંગ્લોરથી હિજરતનો સિલસિલો શરૂ થયો હતો જે હવે મુંબઇ, હૈદરાબાદ, પુણે, ચૈન્નઇ, મૈસુર અને મેંગ્લોર સુધી પહોંચી ગયો છે. ઉત્તર પુર્વના લોકો તેમના વતનમાં પરત ફરવા માટે ઉત્સુક બન્યા છે. આ લોકોને ધમકી ભરેલા એસએમએસ મળી રહ્યા છે. જેના કારણે લોકોની હિજરત જારી છે. ૨૦હજારથી વધુ લોકો જુદા જુદા રાજ્યોમાંથી હિજરત કરી ચુક્યા છે. રેલવે સ્ટેશનો ઉપર પણ અંધાધુંધી રહ્યા છે. તેમના ઉપર હુમલા થઈ શકે છે તેવી અફવાઓ ફેલાઈ ગયા બાદ ઉત્તર પૂર્વના લોકો મોટાપાયે હિજરત કરી રહ્યા છે. આસામમાં સાંપ્રદાયિક હિંસાની અસર દેખાઈ રહી છે. કેટલાક લોકોએ કહ્યું છે કે તેમના પરિવારના સભ્યોએ કોઈપણ જોખમ લીધા વગર ઘરે પરત ફરવા તેમને કહ્યું છે. બેંગ્લોરમાં પરિસ્થિતિ રાજ્ય સરકાર અને શહેર પોલીસ દ્વારા તમામ પગલાં લેવાયા હોવા છતાં સ્થિતિ તંગ બનેલી છે. મુખ્યમંત્રી જગદીશ સેત્તારે વિદ્યાર્થીઓ અને પ્રોફેસર લોકોને બેંગ્લોર નહીં છોડવા અપીલ કરી હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી. જગદીશ સેત્તારે કહ્યું છે કે દરેક વ્યક્તિનું રક્ષણ કરવામાં આવશે છતાં સ્થિતિ ખૂબ જ ગંભીર બનેલી છે. વધારાના યાત્રીઓના ઘસારાને પહોંચી વળવા ખાસ ટ્રેનો પણ દોડાવામાં આવી રહી છે. અફવા ક્યાંથી ફેલાઈ રહી છે તે અંગે કોઈપણ પ્રકારની માહિતી મળી રહી નથી. બીજી બાજુ આંધ્રપ્રદેશમાં સરહદ ઉપર પણ દહેશત ફેલાયેલી છે. બેંગ્લોર જેવી જ હાલત હૈદરાબાદમાં થશે તેવી દહેશત ફેલાયેલી છે. જેથી ઉત્તર પૂર્વના લોકો આ સાયબર શહેરને છોડવાની તૈયારીમાં છે. મુંબઈમાં પણ ઉત્તર પૂર્વમાંથી સેંકડો લોકો મહાનગરને છોડવાની તૈયારીમાં છે. રાજ્ય સરકાર તરફથી લોકોને સુરક્ષાની ખાતરી અપાઈ હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી. પૂણેમાં પણ સ્થિતિ તંગ બનેલી છે.

ઉત્તર પૂર્વના વિદ્યાર્થીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જુદા જુદા સમુદાય વચ્ચે હિંસા ફેલાવાના હેતુસર બિનજરૂરી અફવાઓ ફેલાવામાં આવી રહી છે. આસામમાં મુસ્લિમો સામે હિંસા બાદ વળતી હિંસા થઈ શકે છે તેવી દહેશત સતાવી રહી છે. જુલાઈમાં શરૂ થયેલી આસામ હિંસા અન્ય વિસ્તારોમાં ફેલાઈ રહી છે. બોડો અને મુસ્લિમો વચ્ચે હિંસાનો દોર ચાલી રહ્યો છે.

## ૧૫ દિવસ સુધી બલ્ક SMS અને MMS પર અંતે પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૧૭

મોટાપાયે હિજરતનો દોર યથાવત રીતે જારી રહ્યો છે ત્યારે ચિંતિત બનેલી સરકારે દેશભરમાં આગામી ૧૫ દિવસ માટે બલ્ક એસએમએસ અને એમએમએસ પર પ્રતિબંધ મુકવાનો આજે નિર્ણય કર્યો હતો. અફવાઓને રોકવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચોક્કસ રાજ્યોમાંથી મોટાપાયે હિજરત આજે સતત ત્રીજા દિવસે પણ જારી રહી હતી. જેના ભાગરૂપે કેન્દ્રિય ગૃહસચિવ આરકે સિંહે કહ્યું છે કે અમે એસએમએસ અને એમએમએસ ઉપર ૧૫ દિવસ માટે પ્રતિબંધ મુકી દીધો છે. એસએમએસ અને એમએમએસના મોટાપાયે સરક્યુલેશનના અહેવાલ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આસામ હિંસા અંગે બિનજરૂરી અને ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે. જેથી દેશના અન્ય ભાગોમાં રહેતા લોકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. ગૃહ મંત્રાલયે ટેલીકોમ ઓપરેટરો મારફતે આ નિર્ણયને અમલી બનાવવા ટેલીકોમ્યુનિકેશન વિભાગને સુચના આપવામાં આવી છે. શુક્રવારથી કોઈપણ વ્યક્તી એક વખતે પાંચ એસએમએસથી વધુ મોકલી શકશે નહીં. સાથે સાથે પ્રતિબંધના ગાળા દરમિયાન મોબાઈલ ફોન મારફતે ૨૦ કેબી ડેટા મોકલી શકશે નહીં.

## લોકોને વડાપ્રધાન દ્વારા સુરક્ષાની ખાતરી

નવી દિલ્હી,તા.૧૭

ઉત્તર પુર્વી રાજ્યોના લોકોની મોટાપાયે હિજરતને લઈને સરકાર આજે ચિંતા વ્યક્ત કરી હતી. સાથે સાથે ઉત્તર પુર્વીય રાજ્યોના લોકોમાં વિશ્વાસ જગાવવા પગલા લેવા પણ સરકારે કમર કસી હતી. લોકસભામાં તમામ પક્ષોએ એક સ્વરમાં લોકોની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી. વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું હતુ કે દેશમાં એકતા અને અખંડતા તથા શાંતિ જાળવી રાખવા તમામ પગલા લેવામાં આવશે. લોકસભામાં અફવા ફેલાવનાર તત્વો સામે કઠોર પગલા લેવા રજુઆત કરવામાં આવી હતી. લોકસભામાં આ મુદ્દો આજે છવાયેલો રહ્યો હતો. લોકસભામાં ઉત્તર પુર્વીય રાજ્યોના લોકોની હિજરતના મુદ્દાને મહત્વ આપીને સંસદની કામગીરી શરૂ થવાની સાથે તેમાં ચર્ચા શરૂ થઈ હતી. જેથી પ્રશ્ન કલાકની કામગીરી હાથ ધરી શકાઈ ન હતી. લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે ચર્ચાની



શરૂઆત કરતા કહ્યું હતું કે રાજકીય પક્ષોએ પોતાની પક્ષની ભાવનાથી ઉપર ઉઠીને લોકોને એક સ્વરમાં સંદેશો આપવો જોઈએ. લોકોને ભયભીત થવાની જરૂર નથી તેવો સંદેશ પહોંચવો જોઈએ. દરેક વ્યક્તિને કોઈપણ રાજ્યમાં રહેવા, અભ્યાસ કરવા અને નોકરી કરવાનો આધિકાર છે. પોલીસ પેટ્રોલીંગને વધુ તીવ્ર બનાવવાની સુષ્માએ રજુઆત કરી હતી. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે સરકારે ઉત્તર પુર્વીય રાજ્યોના લોકોની તકલીફને દુર કરવા હેલ્પ લાઈનની શરૂઆત કરવી જોઈએ. સાથે સાથે પેટ્રોલીંગની પ્રવૃત્તિ તીવ્ર બનાવવી જોઈએ. ખાસ કરીને એવા વિસ્તારમાં વધુ સાવધાની રાખવી જોઈએ જ્યાં મોટી સંખ્યામાં ઉત્તર પુર્વના લોકો રહે છે. કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે ઉત્તર પુર્વીય રાજ્યોના લોકો પર હુમલાના અહેવાલો ખોટા સંકેતો આપશે. અફવા ફેલાવનાર તત્વો સામે કઠોર પગલા લેવામાં આવે તે જરૂરી છે.

## સમાચાર ઝલક

- અફવા - ઇશાની રાજ્યોના લોકોની મુંબઇ-પુના-હૈદરાબાદ-બેંગ્લોરમાંથી મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓની હિજરત.
- દુષ્કાળનો તાગ મેળવવા કેન્દ્રીય ટીમ ગુજરાત આવશે.
- રાજ્યના સવા બે લાખ યુવાનોને કોમ્પ્યુટર તાલીમ અપાશે.
- ભારતના સરકારી તબીબો ૭૬ ટકા ઓછા : અહેવાલ.
- રાજકીય સર્વસંમતિ નહિ હોવાથી દેશનાં વિકાસમાં અવરોધ : મનમોહનસિંહજી
- આજથી ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત.
- ભારતનાં કબડ્ડીના વર્લ્ડ ચેમ્પિયન ખેલાડીઓને નોકરીનાં ફાંફાં.
- નબળા પ્રતિસાદના કારણે ઇમ્પેક્ટ ફીની મુદ્દત વધવાની શક્યતા.
- કલોલની ડફેર ગેંગના બે ઝડપાયા, કુવાડવા-રાજકોટ પાસે હાઇવે લૂંટ ચલાવનારના ગુનામાં.
- હવે એક જ દિવસમાં ચેક ક્લિયર થશે, તબક્કાવાર દેશમાં લાગુ થશે.
- સ્વીસ બેંકના ભારતીય ખાતેદારના નામ સરકાર જાહેર કરી શકશે નહીં, સ્વીસ નાણાંખાતાની ચેતવણી.
- રાજ્યના સરકારી કર્મચારી લડાયક મુડમાં, તા. ૨૯મી ઓગષ્ટે અમદાવાદમાં મહારેલી.

## મધ્યપ્રદેશમાં ભારે વરસાદ અને પુરથી ૩૧ લોકોનાં મોત

ભોપાલ,તા.૧૭

મધ્યપ્રદેશમાં ભારે વરસાદ અને પુરના કારણે હજુ સુધી ૩૧ લોકોના મોત થઈ ચુક્યા છે. સરકારને પુરગ્રસ્ત ૨૩ જિલ્લાઓ માટે ૧૨.૪૭ કરોડની વધારાની રકમની ફાળવણી કરવાની ફરજ પડી છે. હોશંગાબાદ જિલ્લામાં આઠ લોકોના મોત થયા છે. જ્યારે ભોપાલમાં છ લોકોના મોત વરસાદ અને પુરના કારણે થયા છે. અધિકારીઓએ આજે નિવેદન જારી કરીને આ મુજબની વાત કરી હતી. ઉજ્જૈનમાં ત્રણ લોકોના મોત થયા છે. આવી જ રીતે દેવાસ જિલ્લામાં પણ ત્રણ લોકોના મોત થયા છે. બેતુલમાં બે લોકોના મોત થયા છે. માનવીય નુકશાન ઉપરાંત ૩૧૯ પશુના પણ મોત થયા છે. મોટાભાગના પશુના મોત શિહોર, હોશંગાબાદ અને છિંદવાડામાં થયા છે. વરસાદના લીધે ૧૪૦૫૬ મકાનોને નુકશાન થયું છે. રાજ્યમાં ગઈકાલ સુધી ૬૭૫.૦૯ મીલીમીટર જેટલો વરસાદ થયો છે. જે રાજ્યમાં સરેરાશ વરસાદ કરતા ૬૬ મીમી વધુ છે.

હજુ સુધી ૧૮ જિલ્લાઓમાં સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે ૨૮માં સામાન્ય વરસાદ થયો છે. જ્યારે ચાર જિલ્લાઓમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થયો છે. કોઈપણ જિલ્લાઓમાં અછતની સ્થિતી નથી. રાજયસારકારનો અસારગ્રસ્ત જિલ્લાઓ દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ ૧૨.૪૭ કરોડ રૂપિયા જારી કરવાની ફરજ પડી છે. મોનસુનની શરૂઆત પહેલા જ આ જિલ્લાઓને પાંચ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

## વડાપ્રધાનના રાજીનામાની ભાજપ દ્વારા જોરદાર માગ

નવી દિલ્હી, તા.૧૭

કોલસા બ્લોક ફાળવણી અંગે કેગે પોતાનો અહેવાલ રજુ કર્યો હતો. નાણાંમંત્રી ચિદમ્બરમે કોલસા બ્લોક ફાળવણી અંગે કેગના અહેવાલની સાથે સાથે અન્ય બે રિપોર્ટ પણ રજુ કર્યા હતા. કેગના અહેવાલમાં સરકારી ખજાનાને ૧.૮૬ લાખ કરોડનું નુકશાન પહોંચાડવાનું આક્ષેપ કરવામાં આવ્યા બાદ ભાજપને એક જોરદાર મુદ્દો મળી ગયો છે. કેગના અહેવાલ અંગે પ્રતિક્રિયા આપવા ભાજપે કહ્યું હતું કે સરકારના તમામ ઈરાદા ખુલ્લા પડી ગયા છે. સરકાર પાવર, કોલસા અને દિલ્હી એરપોર્ટ અંગે ત્રણ કેગના અહેવાલથી ખુલ્લી પડી ગઈ છે. તેને સત્તામાં રહેવાનો કોઈ અધિકાર નથી. ભાજપે સરકારના રાજીનામાની માંગ કરી હતી. સાથે સાથે વડાપ્રધાનના રાજીનામાની પણ માંગ કરવામાં આવી છે. પક્ષે કહ્યું છે કે સરકાર કૌભાંડોથી ઘેરાઈ ગઈ છે. કોલસા, પાવર અને એરપોર્ટ ક્ષેત્રોમાં નવા કૌભાંડ ખુલ્યા છે. આ કૌભાંડોનું કદ કેગના અહેવાલ મુજબ ૧.૬થી ૧.૮૬ લાખ કરોડનું છે. ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે આ મુજબની વાત કરી હતી. પક્ષે કહ્યું છે કે વડાપ્રધાનને રાજીનામું આપવું જોઈએ. કારણ કે આ કથિત અનિયમિતતા થઈ ત્યારે વડાપ્રધાન કોલસા મંત્રાલયની જવાબદારી સંભાળી રહ્યા હતા. સંસદની બહાર પત્રકારો સાથે વતાચીત કરતા જાવડેકરે સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. કેગના અહેવાલ અંગે વડાપ્રધાન મનમોહનસિંહના જવાબની માંગ પણ ભાજપ દ્વારા કરવામાં આવી છે. અહેવાલ આવ્યા બાદ સરકાર ફરી એકવાર વિવાદના ઘેરામાં આવી ગઈ છે. સંસદમાં રજુ કરવામાં આવેલા કેગના અહેવાલમાં કેગે એવી ૨૫ કંપનીઓના નામ આપ્યા છે જે કંપનીઓને જુદા જુદા રાજ્યોમાં બ્લોક મળ્યા હતા.

સ્પર્ધાત્મક બિડિંગની પ્રક્રિયા રજુ કરાવમાં વિલંબના પરિણામ સ્વરૂપે ખાનગી કંપનીઓને જંગી લાભ થયો હતો. કેગે એમપણ કહ્યું છે કે આંકડા ચિંતા ઉપજાવે તેવા છે. રિપોર્ટ મુજબ રિલાયન્સ પાવર ફાઈનાન્સને ૨૯૦૦૩ કરોડનો ફાયદો થયો હતો.

## આગવો માણસ - આપણો માણસ

• બીજા પાનાનું અનુસંધાન

દેશભક્તિનો માહોલ બરાબર જામ્યો હતો. મ્યુઝીકલ પાર્ટીના કલાકારોની આંગળીઓના ટેરવાં દેશભક્તિના ઝનૂન સાથે વાજીંત્રો પર ફરવા થનગની રહ્યાં હતાં. સેક્ટર-૨૧નું શોપીંગ સેન્ટર એક અનોખા ઉત્સવનું સાક્ષી થવા જઈ રહ્યું હતું. ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવીને ઓમકારસિંગ ઠાકુરે શુધ્ધ ઘીની જલેબી સ્વહસ્તે લોકોના મુખમાં મુકીને મોં મીઠાં કરાવ્યાં અને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાની આપ લે કરી એ હૃદયંગમ દૃશ્ય ગાંધીનગરની જનતા માટે ત્યારે આનંદ સાથે આશ્ચર્યનું હતું. આશ્ચર્યનું એટલે કે ગાંઠના પૈસે કોઈ આવી ઉજવણી કરે તે જોવાની લોકોને આદત નહોતી ! હવે ગાંધીનગરની જનતાને પ્રતિવર્ષ આવું દૃશ્ય જોવાની ઓમકારસિંગે આદત પાડી દીધી છે તેથી આશ્ચર્યનો છેદ ઊડી ગયો છે. હવે રહ્યો છે કેવળ આનંદ આનંદ અને આનંદ ! ૧૯૯૪માં ઓમકારસિંગે દેશભક્તિના આ કાર્યક્રમની ઉજવણી પાછળ પોતાની કમાણીમાંથી ત્રણેક હજાર રૂપિયા ઓછા કર્યા હતા અને લાખો રૂપિયાનો આનંદ અંકે કર્યો હતો ! દિવસે દિવસે વધતી જતી મોંઘવારીમાં આ કાર્યક્રમ પણ મોંઘો પડતો જાય છે. માની ન શકાય તેવી વાત છે - ત્રણ દિવસ પહેલાં જ ઓમકારસિંગે ૧૫મી ઓગષ્ટની ઉજવણી પાછળ એંસી હજારનો ખર્ચ કર્યો છે ! છેલ્લા ઓગણીસ વર્ષથી ચાલી આવતી આ પરંપરા કદી અટકશે નહીં તેવી અતૂટ શ્રધ્ધા સાથે ઓમકારસિંગ કહે છે કે શો મસ્ટ ગો ઓન ! જ્યારે પહેલી વાર ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરી ત્યારે ૧૦ કિલો જલેબી વહેંચી હતી. હવે ઓમકારસિંગનો પ્રેમ એટલો વધી ગયો છે કે જલેબીનું વજન કે તેના ખર્ચનો હિસાબ રાખવો શક્ય બને તેમ નથી. નવા નવા આયોજનો અને અલગ અંદાજો ઉમેરાય છે.

આગળના દિવસે ગાંધીનગરની આઈસ ફેક્ટરીને કેસરી, લીલો અને સફેદ રંગની ત્રણ બરફની પાટો જમાવવાનો ઓર્ડર આપવામાં આવે છે અને બરફની આ ત્રણ પાટોને ધ્વજના દર્શનીય આકારમાં મંડપના આગળના ભાગે ગોઠવવામાં આવે છે. ચાર કારીગરો પાસે સ્થળ પર એ જલેબી બનાવડાવે છે. પોતાના ગ્રાહકો ઉપરાંત રાહદારીઓને આગ્રહ કરીને જલેબી ખવડાવે છે. રક્તદાન એ મહાદાન છે. ઓમકારસિંગ છેલ્લા ત્રણેક વર્ષથી ૧૫મી ઓગષ્ટે પોતાના ધંધાના સ્થળે કરાતી ઉજવણી દરમિયાન રક્તદાનના કેમ્પ યોજે છે. સવારે નવ વાગે શરૂ થતો કાર્યક્રમ ત્રણેક કલાક જેટલો ચાલે છે. છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગરના અગ્રણીના હસ્તે ધ્વજવંદન પણ કરાવે છે. આ વર્ષે આ દેશભક્ત ઓમકારસિંગનું ગાંધીનગર મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપરાંત શહેરના નામાંકિત આગેવાનોએ સ્મૃતિચિન્હ આપીને સન્માન કર્યું છે. કપરા સંઘર્ષ પછી તેઓ થોડા સધ્ધર થયા છે. હવે ગલ્લો નથી, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના એક કોમ્પ્લેક્સમાં ભોંયતળિયે પોતાની માલિકીની દુકાન ધરાવે છે. ૧૧મી સપ્ટેમ્બરથી ગુજરાતમાં ગુટકાનું વેચાણ પ્રતિબંધિત થવાનું છે તે અંગે ઓમકારસિંગના પ્રતિભાવો આશ્ચર્યજનક છે ! પાન સાથે ગુટકાના વેપાર દ્વારા સધ્ધર થયેલો આ માણસ કહે છે કે ભાવિ પેઢીને બરબાદ થતી અટકાવવા માટે ગુટકા તો બંધ થવા જ જોઈએ ! આને કહેવાય ખેલદિલી ! પોતાના વ્યવસાય કરતા સમાજના ઉધ્ધારને પ્રાધાન્ય આપતા ઓમકારસિંગની વાત જ નિરાળી છે. છેલ્લા દોઢ દાયકાથી પણ વધુ સમયથી સ્વખર્ચે સ્વાતંત્ર્ય પર્વની અલગ અલગ અંદાજથી ઉજવણી કરતા ગાંધીનગરના આ ચીંથરે વીંટ્યા રતનને એકવાર મળવા જેવું ખરું !

બાળપણની શેરીમાં કેવી રીતે પાછો ફરું ? આંખમાંથી ક્યાં હવે વિસ્મય ટપકતું હોય છે !... ઉર્વીશ વસાવડા

## આસામની સ્થિતિમાં આંશિક સુધારો

ગુવાહાટી,તા.૧૭

આસામના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતી ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. જેના પરિણામ સ્વરૂપે જનજીવન પણ સામાન્ય બની રહ્યું છે. જો કે સાવચેતીના પગલા યુદ્ધના ધોરણે લેવાઈ રહ્યા છે. આસામના રંગીયા સબ ડિવિઝનમાં સંચાબરબંધી આંશીક રીતે ઉઠાવી લેવામાં આવી છે. બીજીબાજુ હિંસાના ભાગરૂપે ૧૦૦ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન આસામના કોઈપણ ભાગમાં હિંસાના કોઈ સમાચાર મળ્યા નથી. સવારે ૯.૦૦ વાગ્યાથી બપોરના ૩.૦૦ વાગ્યા વચ્ચે રંગીયામાં સંચારબંધી હળવી કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન સ્થિતી સંપુર્ણપણે કાબુ હેઠળ રહી હતી. રાત્રી સંચારબંધી કોઈપણ અનિચ્છનીય બનાવને રોકવા યથાવત રીતે જારી રાખવામાં આવી છે. કોકરાઝાર, ચિરાંગ, ઢુબરી, બક્સા જિલ્લાઓમાં તકેદારીના તમામ પગલા લેવાયા છે. ૧૦૦થી વધુ લોકોને સાત વાહનોને આગ ચાપવાના સંબંધમાં અટકાયતમાં લેવામાં આવ્યા છે. નેશનલ હાઈવે નંબર-૩૧ પર ભટ્ટકુછી ખાતે ગુવાહાટી તરફ જતી બસને આગ ચાંપવાનો તેમના પર આક્ષેપ મુકવામાં આવ્યો છે. આસામમાં સાંપ્રદાયિક હિંસામાં હજુ સુધી ૭૭થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. મુસ્લિમો અને બોડો આદિવાસીઓ વચ્ચે હિંસાના કારણે સ્થિતી વિકટ બનેલી છે. ગુરૂવારના દિવસે પોલીસે બક્સા જિલ્લામાં તોફાની ટોળાને કાબુમાં લેવા રબર બુલેટનો મારો ચલાવ્યો હતો. આસામ હિંસાની સીધી અસર હાલ અન્ય રાજ્યોમાં જોવા મળી રહી છે. જેના કારણે ઉત્તર પુર્વીય રાજ્યના લોકોની બેંગ્લોર, હૈદરાબાદ, મુંબઈ, પુણે અનો અન્ય ભાગોમાંથી હિજરતનો દોર જારી રહ્યો છે. આવનાર દિવસોમાં સરકાર માટે હિજરતનો મામલો વધુ જટીલ સમસ્યા ઉભી કરી શકે છે. પોલીસનું કહેવું છે કે સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે.

## મેંગ્લોર વિમાની મથકે ફરી મોટી વિમાની દુર્ઘટના ટળી

મુંબઈ, તા.૧૭

મેગ્લોર વિમાની મથકે ૨૦૧૦માં થયેલી ભીષણ વિમાન દુર્ઘટના જેવી વિમાન દુર્ઘટના હાલમાં જ ટળી ગયા બાદ તમામ સંબંધિતો સામે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. આ સંબંધમાં ખુલાસાઓ પણ માગવામાં આવ્યા છે. ૧૪મી ઓગસ્ટના દિવસે મેગ્લોર વિમાની મથકે મોટી વિમાની દુર્ઘટના ટળી ગઈ હતી. ૨૦૧૦માં આવી જ વિમાની દુર્ઘટના થઈ હતી જેમાં ૧૫૮ લોકોના મોત થઈ ગયા હતા. આ વખતે પણ એર ઈન્ડિયા એક્સપ્રેસ દુબઈ-મેગ્લોર ફ્લાઈટ ૯-૮૧૪ના કમાન્ડરને લેન્ડીંગમાં ઘણી તકલીફો પડી હતી. પ્રાથમિક તપાસ આમા હાથ ધરવામાં આવી ચૂકી છે. આ વિમાનમાં ૧૫૬ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. તમામનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો. મેગ્લોર વિમાની મથકે રન-વે પહેલાં ઘણા અંતરે આ વિમાન ઉતર્યું હતું. બોઈંગ ૭૩૭-૮૦૦ વિમાન રન-વે પહેલાં પટ્ટી ઉપર ઉતર્યું હતું. આ વિમાનને નુકશાન પણ થયું છે. પટ્ટી ઉપર ઉતરી ગયા બાદ આ વિમાન ફરી રન-વે ઉપર જતાં મોટી રાહત થઈ હતી. ૧૪મી ઓગસ્ટના દિવસે આ બનાવ બન્યો હતો. ૨૨મી મે ૨૦૧૦ના દિવસે એરઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ ૯-૮૧૨ જે દુબઈથી આવી હતી તે મેગ્લોર વિમાની મથકે ઉતરતી વેળા રન-વેના અંતે લપસી જઈને ખીણમાં ખાબકી ગઈ હતી.

## સરહદી ચોકી પર પાકિસ્તાનનો ભીષણ ગોળીબાર : એકનું મોત

જમ્મૂ,તા.૧૭

જમ્મુ કાશ્મીરમાં સરહદી ચોકી પર કોઈ પણ ઉશ્કેરણી વગર પાકિસ્તાન સૈના દ્વારા કરવામાં આવેલા ભીષણ ગોળીબારમાં બીએસએફના એક જવાનનું મોત થયું છે. અધિકારીઓએ આજે કહ્યું હતું કે ગુરૂવારે મોડી રાત્રે પાકિસ્તાની સૈના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેથી સમગ્ર વિસ્તારમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ગઈકાલે રાત્રે ગોળીબાર થયા બાદ આજે સવાર સુધી ગોળીબારનો દોર જારી રહ્યો હતો. યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાની સૈનિકોએ જમ્મૂથી આશરે ૩૫ કિલોમીટર પશ્ચિમે આંતરરાષ્ટ્રીય શરહદ પર ભારતીય ચોકી પર ગોળીબાર કર્યો હતો. નાના અને ભારે હથિયારો સાથે આ



ગોળીબાર કરવામાં આવ્યો હતો. મોર્ટારનો મારો પણ ચલાવ્યો હતો. જેમાં આસામના ચંદરરાય તરીકે ઓળખાયેલા બીએસએફના જવાનનું મોત થયું હતું. નવેમ્બર ૨૦૦૩માં ભારત અને પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામની સમજૂતી કરવામાં આવ્યા બાદથી પાકિસ્તાની સૈનિકો દ્વારા કરાયેલી આ સૌથી ભીષણ ગોળીબાર છે. બીએસએફના જવાનોએ જવાબી ગોળીબાર કર્યો હતો. પરંતુ પાકિસ્તાન જવાનોએ આસપાસના વિસ્તારોમાં ગોળીબાર કર્યો હતો. ઘરાના, મંગરાલ, સંગરાલ ચોકીઓ ઉપર પણ પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો. શુક્રવાર સવાર સુધી ગોળીબારનો દોર જારી રહ્યો હતો. આ વિસ્તારમાં રહેતા લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. લોકોમાં વિશ્વાસ જગાવવા માટે નાગરિક વહિવટીતંત્રના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. છેલ્લા ૧૨ દિવસમાં પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામ ભંગને આ નવમો બનાવ છે. ૨૦૦૬ બાદથી પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ૨૫૦થી વધુ વખત ભંગ કરાયો છે. જેમાં બે સુરક્ષા જવાનો માર્યા ગયા છે. અને ૬૫ જવાનો ઘાયલ થયા છે. ભારત અને પાકિસ્તાન નવેમ્બર ૨૦૦૩માં ચોકીઓ ઉપર ગોળીબાર બંધ કરવા યુદ્ધવિરામ ઉપર સહમત થયા હતા. જમ્મૂ કાશ્મીરના સંબંધમાં ભારત પાકિસ્તાન વચ્ચે વિશ્વાસ નિર્માણના પગલા તરીકે આને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આજના યુદ્ધવિરામના ભંગના સંબંધમાં સર્વોચ્ચ સ્તરે ફરી રજૂઆત કરવામાં આવી હતી.

SANGHI CEMENT
KisaN
VINAYAK 500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

THE CREATIVE DECORATORS OF THE CITY
॥ अभय ॥
FEEL FREE, BE FEARLESS
AD ABHAY DECORATORS
HIRERS, DECORATORS & EVENT ORGANISERS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192,
Electronics Estate, B/h. Videocon Factory,
Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com